ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 64 • FRIDAY-31-07-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

વાંચો અંદરના પેજ પર



સાંદીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માનિત

વાંચો અંદરના પેજ પર



સુડાવડમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી

### 5 વર્ષના સમયગાળામાં ચૂંટણી ડ્યુટીમાં રોકાતા કર્મચારીઓની સંખ્યામાં આશરે 26 લાખ (આશરે 28%)નો ઘટાડો થશે

# 'વંદે માતરમ'નું અપમાન કરવું હવે ગુનો, સંસદના બંને ગૃહોમાં બિલ પાસ; ચોમાસું સત્રમાં નહીં આવે 'એક દેશ, એક ચૂંટણી' બિલ

## JPCનો કાર્યકાળ લંબાવાયો : શિક્ષણ અને સુરક્ષા વ્યવસ્થા પર દુરોગામી અસર થશે



• નવી દિલ્હી

સંસદના ચોમાસું સત્રમાં 'વંદે માતરમ'ના અપમાનને ગુનો ગણાવતું બિલ પસાર થયું છે. જોકે, સરકારે 'એક દેશ, એક ચૂંટણી' બિલ રજૂ નહીં કરવાનો નિર્ણય લીધો છે. આ બિલની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નો કાર્યકાળ લંબાવાયો છે. હવે JPC શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસે પોતાનો રિપોર્ટ સોંપશે, જે બાદ જ કાયદાકીય પ્રક્રિયા આગળ વધશે.

સંસદના ચાલી રહેલા ચોમાસું સત્ર વચ્ચે બે મોટા સમાચાર સામે આવ્યા છે. એક તરફ 'વંદે માતરમ'નું અપમાન કરવાને ગુનો ગણાવતું બિલ સંસદના બંને ગૃહોમાં પાસ થઈ ગયું છે, તો બીજી તરફ સરકાર આ સત્રમાં 'એક દેશ, એક ચૂંટણી' સાથે જોડાયેલું બિલ રજૂ નહીં કરે. 'એક દેશ, એક ચૂંટણી' બિલની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નો કાર્યકાળ લંબાવી દેવાયો છે. હવે આ સમિતિએ પોતાની રિપોર્ટ સંસદના શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસે સોંપવાની રહેશે.

'વન નેશન, વન ઈલેક્શન' સાથે જોડાયેલા બંધારણીય સુધારા વિધેયકની તપાસ કરી રહેલી JPCનો સમયગાળો વધારી દેવાયો છે. JPCનો કાર્યકાળ લંબાવાતાં હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ મામલે આગળની તમામ કાનૂની પ્રક્રિયાઓ શિયાળુ સત્રમાં રિપોર્ટ આવ્યા બાદ જ શરૂ થશે.

માર્ચ 2026માં વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM) દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં જણાવાયું હતું કે દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાથી સરકારી તિજોરી પરનું ભારણ ઘટશે અને વહીવટી સરળતા રહેશે. આ રિપોર્ટ આવ્યા બાદ જ આ બિલ સત્રમાં આવવાની અટકળો તેજ બની હતી.

રિપોર્ટ અનુસાર, દેશમાં એકસાથે ચૂંટણીઓ યોજવાથી 5 વર્ષના સમયગાળામાં ચૂંટણી ડ્યુટીમાં રોકાતા કર્મચારીઓની સંખ્યામાં આશરે 26 લાખ (આશરે 28%) નો ઘટાડો થશે. આ સિવાય ચૂંટણી પ્રક્રિયામાં વપરાતા કામકાજના કુલ દિવસોમાંથી આશરે 1.04 કરોડ દિવસોની મોટી બચત થશે.

ચૂંટણી ડ્યુટીમાં મોટાભાગે શિક્ષકોને મૂકવામાં આવે છે અને શાળાઓને મતદાન મથક બનાવાય છે. વારંવારની ચૂંટણીઓ બંધ થવાથી બાળકોના શિક્ષણનું નુકસાન અટકશે. આ ઉપરાંત, ચૂંટણી પંચના મતે અલગ-અલગ રાજ્યની ચૂંટણીઓ માટે વારંવાર સુરક્ષાદળો મોકલવાની જરૂર નહીં રહે, જેથી વહીવટી બોજમાં ચોક્કસપણે ઘટાડો થશે.

## નેશનલ-ઈન્ટરનેશનલ

### સેન્સેક્સ ગ્રીનઝોનમાં છતાં રોકડાના શેરો તૂટ્યા

**રાજકોટ :** માહોલ હતો. ટૂંકી વધઘટે ભાવો અટવાયેલા હતા. સેન્સેક્સ ગ્રીનઝોનમાં હતો છતાં રોકડાના શેરો દબાણમાં હતા. શેરબજારમાં નવા કારણોની ગેરહાજરીથી સાવચેતી હતી. હીરો મોટો, ટીવીએસ મોટર્સ, આલ્કેમ લેબ, એચડીએફસી બેંક, કલ્યાણ જ્વેલર્સ, મહિન્દ્ર, વીપ્રો, એક્સાઈડ ઉંચકાયા હતા.પ્રીમીયર એનર્જી, વારી એનર્જી, પ્રેસ્ટીજ એસ્ટેટ, ઈન્ફોસીસ, વોડાફોન, સુઝલોન, યસ બેંક, આદિત્ય ઈન્ફો નબળા હતા. સેન્સેક્સ 29 પોઈન્ટ વધીને 77683 હતો તે ઉંચામાં 77900 તથા નીચામાં 77440 હતો.નિફટી 10 પોઈન્ટ વધીને 24259 હતો તે ઉંચામાં 24331 તથા નીચામાં 24187 હતો. ડબલ્યુટીઆઈ ક્રૂડ 84.28 ડોલર તથા બ્રોન્ટ ક્રૂડ 91.09 ડોલર હતું. હાજર સોનુ 800 વધીને 147700 હતું. વાયદામાં 650 વધીને 142445 હતું.

### પીએમ મોદીનો નકલી રાજીનામા પત્ર થયો વાયરલ

**નવી દિલ્હી** : સોશિયલ મીડિયા પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામે વાયરલ થયેલા કથિત રાજીનામા પત્રને કેન્દ્ર સરકારે સંપૂર્ણપણે ખોટો અને ભ્રામક ગણાવ્યો છે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB)ની ફેક્ટ ચેક ટીમે ગુરુવારે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા આવો કોઈ રાજીનામાનો પત્ર જારી કરવામાં આવ્યો નથી અને વાયરલ પત્ર પર દર્શાવવામાં આવેલી સહી પણ અસલી નથી. PIBફેક્ટ ચેકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'આ પત્ર સંપૂર્ણપણે નકલી છે. પ્રધાનમંત્રી દ્વારા આવો કોઈ પત્ર જારી કરવામાં આવ્યો નથી અને તેના પર તેમની કોઈ સહી પણ નથી.' સાથે જ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે સોશિયલ મીડિયા પર ફરતા આવા દાવાઓ પર વિશ્વાસ કરતા પહેલાં સત્તાવાર સ્ત્રોતો દ્વારા તેની ચકાસણી કરવી જોઈએ અને અફવાઓ ફેલાવવાથી બચવું જોઈએ અને તેમના પ્લેટફોર્મ પર ફોરવર્ડ નહીં કરવું જોઈએ.

### પાકિસ્તાન એક તરફ મધ્યસ્થી બનવાનું નાટક : બીજી તરફ ઈરાનને ચીની શસ્ત્રો પહોંચાડી રહ્યું છે

**વોશિંગ્ટન :** પશ્ચિમ એશિયામાં અમેરિકા ઈરાન યુદ્ધ ફરી ભડકી ઊઠયું છે. જોર્ડનમાં અમેરિકી યુદ્ધ મથકો ઉપર ઈરાને કરેલા હુમલા પછી, અમેરિકા ભડકી ઊઠયું છે. ઈરાન ઉપર ફરી પ્રચંડ હુમલા શરૂ કરી દીધા છે. તેવામાં પાકિસ્તાન અને ચીન સંબંધી એવા સમાચાર મળ્યા છે કે ટ્રમ્પનો પારો ચઢી ગયો છે. પાકિસ્તાન એક તરફ અમેરિકાની જી હજુરી કરી પૈસા મેળવે છે. સાથે મધ્યસ્થી થવાનું નાટક કરી રહ્યું છે. તો બીજી તરફ ચીન તેને શસ્ત્રો ઈરાનને આપવા પહોંચાડે છે. જે પાકિસ્તાન કરી પણ રહ્યું છે.રોઈટર્સના રિપોર્ટ પ્રમાણે પાકિસ્તાનની આ કાર્યવાહીથી અમેરિકી પ્રમુખ ટ્રમ્પ ચોંકી ઊઠયા છે. તેઓએ કહ્યું કે જો આ સમાચાર સાચા હોય તો અમને ઘણી જ નિરાશા થાય છે.બીજી તરફ ચીન અને પાકિસ્તાન બંને આ સમાચાર તદ્દન ખોટા અને પાયાવિહોણા હોવાનું કહે છે. જે સહજ પણ છે. વાસ્તવમાં પાકિસ્તાન એક તરફથી મધ્યસ્થી બનવાનો દાવો કરે છે તો બીજી તરફ ચીનનાં શસ્ત્રો ઈરાનને પહોંચાડે છે. તે સત્ય હકીકત બહાર આવી જ ગઈ છે.ઈરાને પોતાની એરડીફેન્સ સિસ્ટીમ મજબૂત કરવા માટે ચીન પાસેથી ૩૦૦થી ૪૦૦ મેન-પોર્ટેબલ એર ડીફેન્સ સિસ્ટીમ ખરીદી છે. જેની કિંમત આશરે ૬૦થી ૭૦ મિલિયન ડોલર્સ (૫૦૦થી ૫૮૦ કરોડ રૂપિયા) આંકવામાં આવે છે. ઉપરાંત તે ચીન પાસેથી ક્યુ-ડબલ્યુ-૧૨ અને એફ.એન.-૧૬ શોલ્ડર ફાયર્ડ મિસાઈલ સીસ્ટીમ પણ ખરીદે છે. જે ઈરાનને અમેરિકી મિસાઈલ્સનો જવાબ દેવા માટે સક્ષમ છે.ટ્રમ્પને પત્રકારોએ આ અંગે તેમની ઓવલ ઓફીસમાં પૂછ્યું ત્યારે તેઓએ આશ્ચર્ય અને નારાજગી બંને દર્શાવ્યું અને કહ્યું હતું કે શી-જિનપિંગે મને ખાતરી પૂર્વક કહ્યું હતું કે તેઓ ઈરાનને કોઈ શસ્ત્રો નહીં આપે.

### ચીને LAC નજીક તહેનાત કર્યા 12 J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ

**બિજિંગ :** ચીને LAC નજીક J-20 સ્ટીલ્થ જેટ તૈનાત કર્યા છે. સેટેલાઈટ તસવીરો મુજબ, ચીની વાયુસેનાએ શિનજિયાંગના હોટાન અને તિબેટના દામક્ષુંગ એરબેઝ પર ઓછામાં ઓછા 12 અત્યાધુનિક J-20 ફાઈટર જેટ ગોઠવ્યા છે. હોટાન એરબેઝ પર 8 અને દામક્ષુંગ પર 4 જેટ જોવા મળ્યા છે. આ ફિફ્થ જનરેશન સ્ટીલ્થ વિમાનોનો આટલો મોટો જમાવડો ભારત માટે પડકારજનક છે, કારણ કે આ ચીનની નિયમિત લશ્કરી વ્યૂહરચનાનો ભાગ છે.ભારત સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) સામે ચીનની સરહદે ચીની વાયુસેનાની મોટી હલચલ સામે આવી છે. સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો થયો છે કે ચીને ભારતીય સરહદ તરફ તેના બે એરબેઝ પર ઓછામાં ઓછા 12 અત્યાધુનિક J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ તહેનાત કર્યા છે. તાજેતરના વર્ષોમાં સરહદ નજીક ફિફ્થ જનરેશન સ્ટીલ્થ વિમાનોનો આ સૌથી મોટો જમાવડો માનવામાં આવી રહ્યો છે.'વાન્ટોર' (Vantor) નામની કોમર્શિયલ સેટેલાઈટ ફર્મ દ્વારા લેવાયેલી આ તસવીરોમાં પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સ (PLAAF) દ્વારા શિનજિયાંગના હોટાન એરબેઝ અને તિબેટના દામક્ષુંગ એરબેઝ પર આ વિમાનો તહેનાત કરાયેલા દેખાય છે.હોટાન એરબેઝ (શિનજિયાંગ): 9 જુલાઈની તસવીરો અનુસાર, શિનજિયાંગ ઉઈઘુર સ્વાયત્ત વિસ્તારમાં આવેલા આ નાગરિક અને લશ્કરી (દ્વાર-ઉપયોગી) એરબેઝના ટારમેક (રન-વે) પર 8 J-20 'માઈટી ડ્રેગન' સ્ટીલ્થ ફાઈટર પાર્ક કરેલા જોવા મળ્યા હતા. હોટાન એરબેઝ ઉત્તર લદાખમાં આવેલી ભારતીય વાયુસેનાની દૌલત બેગ ઓલ્ડી (DBO) નામની ફોરવર્ડ પોસ્ટ (સેનાની ચોકી) આશરે 245 કિ.મી. અને લેહથી આશરે 389 કિમી દૂર આવેલું છે.

## નીટ પેપર લીક : આખરે 20000 પાનાનું ચાર્જશીટ ફાઈલ : ત્રણ પેપર સેટર માસ્ટરમાઈન્ડ

નવી દિલ્હીઃ દેશભરમાં ગાજેલા નીટ-પેપર લીક પ્રકરણમાં આખરે સીબીઆઈએ દિલ્હીની ફાસ્ટટ્રેક કોર્ટમાં 20000 પાનાનું ચાર્જશીટ તો દાખલ કર્યુ પણ તેને સપોર્ટ કરતા દસ્તાવેજો અધુરા હોવાથી તેના પર તા.3 ઓગષ્ટના સુનાવણી થશે.

અગાઉ ગત સોમવારે ખાસ કોર્ટના પ્રારંભે જ સીબીઆઈના ધારાશાસ્ત્રી હાજર નહી હોવાની તારીખ પડી હતી. હવે ઉતાવળમાં ચાર્જશીટ દાખલ કર્યુ પણ તેમાં સંબંધીત દસ્તાવેજો અધુરા હતા તેથી ન્યાયમૂર્તિ અનુ ગોયલને સુનાવણી તા.3 ઓગષ્ટ પર મુલત્વી રાખવાની ફરજ પડી છે.ચાર્જશીટમાં 13ના નામ છે જેમાં ટેસ્ટીંગ એજન્સીના બાયોલોજી નિષ્ણાંત મનીષા મંધારે કેમેસ્ટ્રીના નિષ્ણાંત પ્રહલાદ વિથવરાવ કુલકર્ણી તથા ફિઝીકસના નિષ્ણાંત મનીષા સંજય હવાલદારને મુખ્ય આરોપી ગણાવાયા છે.

જયારે અન્ય કોચીંગ કલાસ સંચાલકો અને વચેટીયા છે તથા પુત્ર માટે પેપર ખરીદનાર તબીબ પિતા પણ આરોપી છે. જેમાં મહારાષ્ટ્રમાં અનેક શહેરોમાં કોચીંગ કલાસ ચલાવનાર સામેલ છે. જેમાં શિવાજી રઘુનાથ જે લાતુરમાં રેનુકાઈ કોચીંગ ઈન્સ્ટીટયુટ ચલાવે છે તે પેપર વેચવામાં માસ્ટર માઈન્ડ છે.તેણે કેમેસ્ટ્રીના પ્રશ્ન રૂા.5 લાખમાં ખરીદ્યા હતા. આજ રીતે ત્રણ ફેકલ્ટીને નાણા આપી પ્રશ્નો મેળવ્યા હતા. કુલ 111 પ્રશ્નો ફુટી ગયા હતા. જેમાં ડો. મનોજ થિરૂકે જે લાતુરમાં ખાનગી હોસ્પિટલ ચલાવે છે. તેણે પહેલા પોતાના પુત્ર માટે પ્રશ્નો ખરીદ્યા હતા તથા બાદમાં તેણે પણ અન્યને વેચ્યા હતા અને તેમાં કુલકર્ણી નામના એક વ્યક્તિ એજન્ટ હતો.

## નેપાળમાં કોમી હિંસાઃ તોફાનીઓ-પોલીસ વચ્ચે ઘર્ષણ, 6થી વધુ શહેરોમાં કર્ફ્યૂ

• કાઠમંડુ

નેપાળના સુનસરી જિલ્લાના કપ્તાનગંજમાં બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. ડીજે સંગીતને લઈને શરૂ થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પરિસ્થિતિ વણસતા સિરાહામાં ગુરુવારે બપોરે 2 વાગ્યાથી અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાગુ કરાયો છે. પોલીસ ગોળીબારમાં 1 યુવકનું મોત થયું. આ બંને જિલ્લાઓ બિહાર સરહદને અડીને આવેલા છે.

નેપાળના સુનસરી જિલ્લાના દેવાનગંજ અને કપ્તાનગંજ વિસ્તારમાં બોલબમ (કાંવડ) યાત્રા દરમિયાન શરૂ થયેલી કોમી હિંસા હવે દેશના અન્ય ઘણા શહેરોમાં ફેલાઈ ગઈ છે. છેલ્લા 4 દિવસથી ચાલી રહેલી હિંસા, તોડફોડ, પથરાવ, આગજની અને પોલીસ સાથેના ઘર્ષણે કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. સ્થિતિને કાબૂમાં લેવા માટે વહીવટીતંત્રે 6થી વધુ શહેરોમાં અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાદી દીધો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં સેનાને હેલિકોપ્ટર સાથે મોરચો સંભાળવાની ફરજ પડી છે.આ હિંસક ઝઘડાઓ અને પોલીસ ગોળીબારમાં અત્યાર સુધીમાં 3 લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ડઝનબંધ લોકો ગોળી વાગવાથી અને પથરાવમાં ઘાયલ થયા છે. ઘાયલોમાં પ્રદર્શનકારીઓ, સ્થાનિક નાગરિકો અને સુરક્ષાકર્મીઓ પણ સામેલ છે. તોફાનીઓએ સરકારી અને ખાનગી મિલકતોને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

### 'આપણે ભારતમાં છીએ, વાસ્તવિક બનો'

## બે વંદાઓ મળવા પર 4-સ્ટાર હોટેલનું લાઈસન્સ સસ્પેન્ડ કરવા સામે હાઈકોર્ટની ટિપ્પણી

### એફડીએની આકરી કાર્યવાહી સામે હાઈકોર્ટે વ્યક્ત કરી નારાજગી

**મુંબઈ :** મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા રાજ્યભરમાં હોટેલો અને રેસ્ટોરન્ટ્સ સામે ચલાવવામાં આવી રહેલી સઘન ઝુંબેશ સામે મુંબઈ હાઈકોર્ટે મહત્વની ટિપ્પણી કરી છે.નવી મુંબઈની 4-સ્ટાર હોટેલ 'પાર્ક ઈન બાય રેડિસન'નું ફૂડ લાઈસન્સ સસ્પેન્ડ કરવાના નિર્ણય સામેની અરજી પર સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે એફડીએને 'વાસ્તવિક અને વ્યાવહારિક અભિગમ' અપનાવવા જણાવ્યું હતું.એક્ટિંગ ચીફ જસ્ટિસ રવીન્દ્ર વી. ઘુગેની ખંડપીઠે સ્પષ્ટ કર્યું કે જાહેર આરોગ્યની સુરક્ષા જરૂરી છે, પરંતુ નજીવી બાબતો કે નાની ભૂલો માટે સીધું લાઈસન્સ રદ કે સસ્પેન્ડ કરી દેવું યોગ્ય નથી.સુનાવણી દરમિયાન રમુજી અને વાસ્તવિક સ્થિતિ રજૂ કરતાં હાઈકોર્ટે કોર્ટરૂમમાં માખી દેખાવાનો ઉલ્લેખ કર્યો હતો. ચીફ જસ્ટિસે સરકારી વકીલને સંબોધતાં કહ્યું કે, 'ગયા અઠવાડિયે મારા ટેબલ પર પણ એક મોટો વંદો બેઠો હતો અને અત્યારે પણ કોર્ટરૂમમાં માખી ઉડી રહી છે.આપણે ભારતમાં છીએ, તેથી નિયમોનું પાલન કરાવતી વખતે એફડીએ દ્વારા વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં રાખવી જરૂરી છે.' હોટેલ તરફથી દલીલ કરવામાં આવી હતી કે માત્ર એક કે બે વંદાઓ મળવા કે ચેકલિસ્ટ પૂર્ણ ન થવાને કારણે યોગ્ય કારણ આપ્યાં વિના આવી આકરી કાર્યવાહી કરી શકાય નહીં. સરકારી વકીલે એફડીએનો પક્ષ રાખતાં જણાવ્યું હતું કે, આ કાર્યવાહી લોકોનાં સ્વાસ્થ્ય અને ખાદ્ય સુરક્ષા માટે કરવામાં આવી રહી છે, તેથી તેમાં કોઈ ઢીલ મૂકી શકાય નહીં. તેના જવાબમાં કોર્ટે સવાલ કર્યો હતો કે શું સરકારી કેન્ટીનો કે હાઈકોર્ટની કેન્ટીનમાં પણ આવી તપાસ કરવામાં આવે છે?સરકારી પક્ષે ખુલાસો કર્યો હતો કે મંત્રાલય અને બીએમસીની કેન્ટીનો પર પણ ભૂતકાળમાં કાર્યવાહી થઈ ચૂકી છે. આના પર હાઈકોર્ટે ગુરુવાર સુધીમાં હાઈકોર્ટની પોતાની કેન્ટીનની તપાસ કરીને શુક્રવારે રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો હતો.

### RSS અને સરકાર પર સાધ્યું

## હોકી ટીમની જર્સીનો રંગ બદલાતાં ભડક્યાં પ્રિયંકા ગાંધી

### 'જર્સી કે ઈતિહાસ બદલવાથી દેશની આત્મા નહીં બદલાય'




**નવી દિલ્હી** : ભારતીય હોકી ટીમની જર્સીનો રંગ વાદળી (બ્લૂ)માંથી બદલીને ભગવો કરવા મુદ્દે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વડ્રાએ સરકાર સામે વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, સરકાર ભલે જર્સીનો રંગ બદલે કે શિક્ષણ નીતિ દ્વારા ઈતિહાસ ફરીથી લખવાનો પ્રયાસ કરે, પણ દેશના યુવાનો શું વિચારે છે તે સૌ જાણે છે. જંતર-મંતર પર એકત્ર થયેલા યુવાનોનો અવાજ એ જ આ દેશનો સાચો અવાજ છે.RSS પર સવાલ ઉઠાવતાં પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, ભારતની આઝાદીની લડાઈ અહિંસા અને સત્યના પાયા પર મહાત્મા ગાંધીના નેતૃત્વમાં લડાઈ હતી, જેમાં RSSની કોઈ ભૂમિકા નહોતી અને આ સત્ય આખો દેશ જાણે છે.તેમણે ઉમેર્યું કે સમાજમાં ગમે તેટલું વિભાજન કે નફરત ફેલાવવામાં આવે, પરંતુ પ્રેમ, ભાઈચારા અને એકતાથી બનેલી આ દેશની આત્માને કોઈ ક્યારેય ખતમ કરી શકશે નહીં.આ સિવાય તેમણે પેલેટ ગનના કથિત ઉપયોગ અંગે પણ સરકાર પર સવાલો ઉઠાવ્યાં હતાં. લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા દર્શાવવામાં આવેલા પીડિત યુવકનાં શરીર પરનાં પેલેટના નિશાનોનો ઉલ્લેખ કરતાં તેમણે સવાલ કર્યો કે, આ પેલેટ ક્યાંથી આવ્યાં? શું તે આકાશમાંથી પડ્યાં હતાં?

### 35 કોથળા ભરીને રોકડ રકમ મળી

## પ. બંગાળમાં ભૂતપૂર્વ બસ ડ્રાઈવરના ઘરેથી મળી કરોડોની બ્લેકમની

### નોટો ગણતાં ગણતાં 5 મશીન ખોરવાયા

**કોલકાતા :** પશ્ચિમ બંગાળનાં બિરભૂમ જિલ્લાનાં દેવચા ગામમાં પોલીસે એક ભૂતપૂર્વ સરકારી બસ ડ્રાઈવરના ઘરે દરોડો પાડીને કરોડો રૂપિયાની રોકડ અને સોનું જપ્ત કર્યું છે. ઘરની અંદર 35 કોથળામાં ભરેલાં 28 કરોડ રૂપિયાથી વધુ રોકડા અને 15 કિલો સોનું (1-1 કિલોની 14 બાર અને 100-100 ગ્રામના 10 બિસ્કિટ) મળી આવ્યાં હતાં,જેની કિંમત આશરે 21.5 કરોડ રૂપિયા થાય છે. રોકડ રકમ એટલી વધારે હતી કે ગણતરી કરતી વખતે નોટો ગણવાના 5 મશીન પણ બંધ થઈ ગયાં હતાં. આ બધી સંપત્તિ લઈ જવા માટે પોલીસને લોખંડનાં 5 મોટા ટ્રંક મંગાવવા પડ્યાં હતાં.આ રકમ મેળવનાર આરોપીનું નામ મીનાર મંડલ ઉર્ફે ટુલ્લુ મંડલ છે. તે પહેલાં નોર્થ બંગાળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં સરકારી બસનો ડ્રાઈવર હતો. થોડા વર્ષો પહેલાં તેણે ડ્રાઈવરની નોકરી છોડી દીધી હતી અને પોતાનાં સગા સાથે મળીને પથ્થર તેમજ રેતીના વેપારમાં ઝંપલાવ્યું હતું. જોતજોતામાં તે બિરભૂમ વિસ્તારનો મોટો પથ્થર અને રેતી માફિયા બની ગયો હતો અને ગેરકાયદેસર રીતે કરોડોની કાળી સંપત્તિ ભેગી કરી લીધી હતી.મીનાર મંડલનું નામ અગાઉ સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસવામાં આવી રહેલાં કરોડો રૂપિયાના પશુ તસ્કરી કેસમાં પણ સામે આવ્યું હતું. વર્ષ 2022માં હત્યાનાં એક કેસમાં તેની ધરપકડ પણ થઈ ચૂકી છે. જામીન પર છૂટ્યાં બાદ તે અંડરગ્રાઉન્ડ થઈ ગયો હતો. હાલ પોલીસે મીનાર અને તેનાં પુત્રને કસ્ટડીમાં લીધાં છે અને આ કાળું નાણું તથા અન્ય કઈ જગ્યાએ આવી સંપત્તિ છુપાવવામાં આવી છે તે અંગે પૂછપરછ ચાલું કરી છે.

### આર્થા ભારત ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ આગામી ત્રણ વર્ષમાં એયુએમ બમણી કરીને 1.5 અબજ ડોલર સુધી પહોંચાડશે, વૈશ્વિક વિસ્તરણની યોજનાની રૂપરેખા જાહેર કરી

# ફંડ મેનેજમેન્ટ કંપનીએ વિકાસ યોજનાની જાહેરાત કરી

### નવા ફંડ લોન્ચ કરીને આર્થા ભારત તેની પ્રોડક્ટ્સની શ્રેણી બમણી કરશે



• અમદાવાદ

ગિફ્ટ સિટીમાં મુખ્ય મથક ધરાવતી અગ્રણી ફંડ મેનેજમેન્ટ સંસ્થા આર્થા ભારત ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ આઈએફએસસી એલએલપીએ આજે જાહેરાત કરી છે કે ગિફ્ટ સિટીમાં કામગીરી શરૂ થયાના બીજા વર્ષની સમાપ્તિ નિમિત્તે આગામી ત્રણ વર્ષમાં તેની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) 750 મિલિયન ડોલરથી વધારીને 1.5 અબજ ડોલર સુધી પહોંચાડવાની યોજના છે.વિવિધ એસેટ ક્લાસમાં અલગ પ્રકારની અને વધુ સારું વળતર (આલ્ફા) આપતી રોકાણ તકો ઉપલબ્ધ કરાવતી આ ફંડ મેનેજમેન્ટ સંસ્થાએ પોતાની વૃદ્ધિ માટે ત્રણ મુખ્ય ક્ષેત્રો પર આધારિત વિસ્તરણ વ્યૂહરચના જાહેર કરી છે. તેમાં પ્રોડક્ટ્સની શ્રેણીનો વિસ્તાર, વૈશ્વિક હાજરી મજબૂત બનાવવી તેમજ નવા ભૌગોલિક વિસ્તારો અને નવા પ્રકારના રોકાણકારોને લક્ષ્ય બનાવવાનો સમાવેશ થાય છે. ગિફ્ટ સિટીમાં કામગીરી શરૂ થયાના માત્ર બે વર્ષમાં આર્થા ભારત એક ફંડ ધરાવતા પ્લેટફોર્મમાંથી વધીને છ ફંડ ધરાવતી સંસ્થા બની છે. આ દરમિયાન કંપનીએ પોતાની ટીમ અને ઓફિસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ નોંધપાત્ર વિસ્તાર કર્યો છે.આર્થા ભારત ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ આઈએફએસસી એલએલપીના મેનેજિંગ પાર્ટનર સચિન સાવરીકરે જણાવ્યું હતું કે, "અમારી બીજી વર્ષગાંઠની ઉજવણીના અવસરે કહી શકાય કે અમારી ઉદ્યોગસાહસિક પહેલ હજુ શરૂઆતના તબક્કામાં હોવા છતાં નોંધપાત્ર રીતે વિકસતી રહી છે.અમે એક જ ફંડમાંથી વધીને છ ફંડ સુધી પહોંચ્યા છીએ. બે વ્યક્તિઓ સાથે શરૂ થયેલા સ્વનિર્ભર સ્ટાર્ટઅપમાંથી આજે અમારી ટીમ દસ ગણી થઈ ગઈ છે. કો-વર્કિંગ સ્પેસમાં ચાર બેઠક ધરાવતા યુનિટમાંથી આજે અમે 2,345 ચોરસ ફૂટની એવી ઓફિસ સુધી પહોંચ્યા છીએ જેમાં 60 લોકો બેસી શકે છે."આ સમયગાળા દરમિયાન આર્થા ભારત ભારતના એકમાત્ર ઓફશોર ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટરમાં કાર્યરત સૌથી મોટી ફંડ મેનેજમેન્ટ સંસ્થાઓમાંની એક તરીકે ઉભરી આવી છે. કંપની થર્ડ પાર્ટી માટે ફંડ મેનેજમેન્ટ સેવાઓ આપવા માટે લાઈસન્સ મેળવનારી પ્રથમ સંસ્થા બની છે તેમજ ફિઝિકલ કોમોડિટીના આધારવાળું ગોલ્ડ ફંડ લોન્ચ કરનાર પ્રથમ ફંડ હાઉસ પણ બની છે.વિકાસના આગામી તબક્કાના ભાગરૂપે અર્થ ભારત ગિફ્ટ સિટીમાં તેની ઓફિસનો વિસ્તાર કરી રહી છે. શ્રી સાવરીકરે જણાવ્યું હતું કે, "બીજા વર્ષમાં પ્રવેશતા અમે હવે વધુ ઝડપી વિકાસ માટે તૈયારીઓ કરી રહ્યા છીએ. અમારી વ્યવસાયિક વિસ્તરણ યોજનાને ધ્યાનમાં રાખીને ગિફ્ટ સિટીમાં હાલની લગભગ 2,400 ચોરસ ફૂટની ઓફિસ સાથે વધુ 3,300 ચોરસ ફૂટ જગ્યા ઉમેરી રહ્યા છીએ. આ વિસ્તૃત સુવિધા આગામી ત્રણ વર્ષ સુધી અમારી જરૂરિયાતો પૂરી કરશે અને તેમાં 100 જેટલા લોકો માટે બેઠક વ્યવસ્થા રહેશે."નવી ઓફિસ ગિફ્ટ સિટીની પ્રતિષ્ઠિત ગ્રેડ-એ પ્રોપર્ટી છે જે ગિફ્ટ સિટીમાં ફલેકસવનના પાંચમા માળે આવેલી છે.શ્રી સાવરીકરે વધુમાં જણાવ્યું હતું કે, "ગિફ્ટ સિટી પ્રત્યે અમારી લાંબા ગાળાની પ્રતિબદ્ધતા છે અને તેને આ ક્ષેત્રનું અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવા કેન્દ્ર બનાવવા માટે અમે અમારું યોગદાન આપવા ઈચ્છીએ છીએ. તેથી જ અમે ગિફ્ટ સિટીમાં નિર્માણાધીન શિલ્પ ટ્વિન ટાવરમાં 12,000 ચોરસ ફૂટની વિશાળ ઓફિસ જગ્યા ખરીદવા માટે પણ કરાર કર્યો છે, જે આજે અમે ઉદ્ઘાટન કરી રહેલા વિસ્તૃત ઓફિસ કરતાં બમણાથી પણ વધુ મોટી હશે."હાલમાં નિર્માણાધીન 28 માળની આ ગ્રેડ-એ વ્યાવસાયિક ઈમારત વર્ષ 2030 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.આર્થા ભારત આગામી બે વર્ષમાં તેની પ્રોડક્ટ્સની શ્રેણીનો નોંધપાત્ર વિસ્તાર કરવાની યોજના ધરાવે છે. શ્રી સાવરીકરે જણાવ્યું હતું કે, "અમારા છ ફંડ પહેલેથી જ ઉત્તમ પ્રદર્શન કરી ચૂક્યા છે. અમારા પ્રથમ ફંડે તેની અવધિના પ્રથમ ત્રણ વર્ષમાં જ રોકાણકારોને 6 ગણું વળતર આપ્યું છે. હવે અમે નિયમિત આવક ઈચ્છતા અને ટૂંકા ગાળાના વધારાના નાણાં રોકવા માંગતા રોકાણકારો માટે ડોલરમાં મૂલ્યાંકિત બે નવા ડેટ આધારિત પ્રોડક્ટ્સ લોન્ચ કરવાની યોજના બનાવી છે. ઉપરાંત અમે કોમોડિટી/કિંમતી ધાતુઓ માટેની આર્બિટ્રાજ ફંડ અને વૈશ્વિક ઈક્વિટી ફંડ પણ શરૂ કરીશું."ફંડ હાઉસ હાલમાં પોતાની માલિકીની ક્વોન્ટિટેટિવ રોકાણ વ્યૂહરચના પણ વિકસાવી રહ્યું છે. આ મોડેલને આધારે રોકાણ યોજના શરૂ કરતા પહેલાં તેનું બેક-ટેસ્ટિંગ અને વધુ સુધારણા કરવામાં આવશે. આગામી બે વર્ષમાં યોજાનારા આ નવા ફંડ લોન્ચથી આર્થા ભારતની હાલની પ્રોડક્ટ્સની શ્રેણી અસરકારક રીતે બમણી થઈ જશે.વૈશ્વિક હાજરી મજબૂત બનાવવા માટે આર્થા ભારત મધ્ય પૂર્વમાં પોતાની કામગીરી વધુ વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. ઓમાન અને દુબઈમાં પહેલેથી જ હાજરી ધરાવતી કંપની હવે મોરિશિયસ અને સિંગાપોર જેવા અન્ય આંતરરાષ્ટ્રીય નાણાંકીય સેવા કેન્દ્રોમાં પણ કામગીરી શરૂ કરવાની સંભાવનાઓનું મૂલ્યાંકન કરી રહી છે.આ વિસ્તરણનો હેતુ અર્થ ભારતને આંતરરાષ્ટ્રીય મૂડીના વધુ મોટા સ્ત્રોતો સુધી પહોંચ સક્ષમ બનાવવાનો અને તેને અગ્રણી વૈશ્વિક ફંડ મેનેજમેન્ટ પ્લેટફોર્મ તરીકે વધુ મજબૂત બનાવવાનો છે.આર્થા ભારતની વિકાસ વ્યૂહરચનાનો ત્રીજો મુખ્ય આધાર નવા ભૌગોલિક વિસ્તારો અને નવા પ્રકારના રોકાણકારોને જોડીને તેના રોકાણકાર આધારનો વિસ્તાર કરવાનો છે.શ્રી સાવરીકરે જણાવ્યું હતું કે, "અત્યાર સુધી અમારા તમામ ફંડ ભારત બહારના રોકાણકારો પાસેથી મૂડી એકત્રિત કરવા પર કેન્દ્રિત રહ્યા છે. હવે અમે અમારા ફંડ્સને સ્થાનિક ભારતીય રોકાણકારો માટે પણ સરળતાથી ઉપલબ્ધ બનાવવા માંગીએ છીએ. આલ્ફા સર્જન પર આધારિત અમારી વિશિષ્ટ રોકાણ પ્રોડક્ટ્સ દ્વારા ભારતીય રોકાણકારોને વિવિધ એસેટ ક્લાસમાં વૈશ્વિક બજારોમાં રોકાણ કરવાની તક મળશે. આ હેતુસર અમે અનેક ફંડ ડિસ્ટ્રીબ્યુટર્સ અને બેન્કો સાથે ચર્ચા કરી રહ્યા છીએ જેથી તેઓ તેમના સ્થાનિક ગ્રાહકોને અમારી સ્કીમ્સ ઉપલબ્ધ કરાવી શકે."આ પહોંચને વધુ મજબૂત બનાવવા માટે અર્થ ભારત મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને કોલકાતા જેવા મહાનગરોમાં ઈન્વેસ્ટર રિલેશન્સ અને ડિસ્ટ્રીબ્યુશન ઓફિસીસ શરૂ કરવાની યોજના ધરાવે છે. આથી મધ્ય પૂર્વ, મોરિશિયસ અને સિંગાપોરમાં તેની આંતરરાષ્ટ્રીય હાજરી સાથે ભારતના મુખ્ય નાણાંકીય અને વેલ્થ મેનેજમેન્ટ કેન્દ્રોમાં પણ કંપનીની સીધી હાજરી રહેશે.ભારતમાં ઝડપથી વધી રહેલા હાઈ નેટવર્થ અને અલ્ટ્રા હાઈ નેટવર્થ રોકાણકારોનો વર્ગ વૈશ્વિક સ્તરે અલગ પ્રકારના રોકાણ ઉકેલો આપતી ફંડ મેનેજમેન્ટ સંસ્થાઓ માટે મોટી તક રજૂ કરે છે. હુરુન ગ્લોબલની યાદી મુજબ અબજોપતિઓની સંખ્યાના આધારે ભારત અમેરિકા અને ચીન પછી વિશ્વમાં ત્રીજા સ્થાને છે અને દેશમાં 300થી વધુ અબજોપતિઓ છે. તેના પરિણામે દેશમાં વેલ્થ મેનેજમેન્ટ ઈકોસિસ્ટમનો પણ ઝડપી વિકાસ થયો છે, જ્યાં સમૃદ્ધ રોકાણકારોને તેમની સંપત્તિનું સંરક્ષણ અને વૃદ્ધિ કરવા માટેની વ્યૂહરચનાઓ અંગે માર્ગદર્શન આપતા વેલ્થ મેનેજર્સનું જાળું સતત વિસ્તરી રહ્યું છે.નવા ફંડ લોન્ચ, આંતરરાષ્ટ્રીય વિસ્તરણ તેમજ ભારતના ઝડપથી વધી રહેલા સમૃદ્ધ ગ્રાહકો અને ફેમિલી ઓફિસીસને લક્ષ્ય બનાવવાની યોજનાઓ દ્વારા આર્થા ભારત ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ આગામી ત્રણ વર્ષમાં તેનું એયુએમ બમણું કરીને 1.5 અબજ ડોલર સુધી પહોંચાડવાના લક્ષ્ય સાથે વૈશ્વિક સ્તરે અલગ પ્રકારની રોકાણ તકોની વધતી માંગનો લાભ ઉઠાવવા ઈચ્છે છે.

### વલસાડ- નવસારી જિલ્લાઓમાં વેપારીઓ, લારી-ગલ્લાધારકો અને અન્ય અસરગ્રસ્તોને આર્થિક સહાય આપવામાં આવશે

# વલસાડ-નવસારી પૂરગ્રસ્તોની વ્હારે ગુજરાત સરકાર

### ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશે : શ્રી જીતુભાઈ વાઘાણી - પ્રવક્તા મંત્રી





• (પ્રતિનિધિ) ગાંધીનગર

અતિ ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત વલસાડ અને નવસારી જિલ્લાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને અન્ય અસરગ્રસ્તોને સુરત અને અમદાવાદની તરાહ પર જ આર્થિક સહાય ચૂકવવામાં આવશે, તેમ પ્રવક્તામંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વલસાડ અને નવસારી જિલ્લામાં નોધાયેલા અસાધારણ વરસાદને ધ્યાનમાં રાખી બંને જિલ્લાઓને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે. વલસાડ ખાતે મીડિયા સાથેની મુલાકાતમાં પ્રવકતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, ઘાસચારાની અછત દૂર કરવા કલેક્ટરને તાત્કાલિક નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. અસરગ્રસ્તોને આ મહિનાથી જ રાશન સહાય આપવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ પ્રવક્તામંત્રીએ જણાવ્યું. શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું કે, દોઢ- બે દિવસમાં એક સાથે આટલો વરસાદ પડી જાય એ અસાધારણ ઘટના છે. તેમણે કહ્યું કે કદાચ ભારતમાં આટલો ભારે વરસાદ બહુ ઓછા સ્થળોએ પડ્યો હશે અને આ કટોકટીની સ્થિતિમાં રાજ્ય સરકાર નાગરિકોની પડખે છે. શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહિનાથી જ રાશન આપવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. મંત્રીશ્રીએ કહ્યું કે, નવસારી અને વલસાડ જિલ્લામાં ખેતીઅને બાગાયતમાં જે નુકશાન થયું છે, તેનો સર્વે કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણ અનુસાર મદદ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે બાગાયતી પાકોમાં જે છોડ-વૃક્ષને નુકશાન થયું છે તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી બચાવવા પ્રયાસ કરવામાં આવશે.

પુર દરમિયાન એનજીઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પત્રકારો અને સ્થાનિક નાગરિકોના સેવાભાવનાને મંત્રીશ્રીએ બિરદાવી હતી. રાજ્ય સરકારે વલસાડ અને નવસારી જિલ્લાના નાગરિકોને વિશ્વાસ આપ્યો છે કે આ કુદરતી આપત્તિમાંથી ઝડપથી બહાર લાવવા માટે તમામ વિભાગો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે અને દરેક અસરગ્રસ્ત સુધી સહાય પહોંચાડવામાં આવશે. વલસાડ જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે 18,000 લાભાર્થીઓને રૂ. 3.50 કરોડની કેશડોલ સહાય, રૂ. 9.50 કરોડની ઘરવખરી સહાય તથા મકાન સહાય સહિત વિવિધ પ્રકારની રાહત પહોંચાડવામાં આવી છે. કૃષિ મંત્રીશ્રીએ આજે ઉમરગામ તાલુકાના મોહનગામ અને પારડીના તીઘરા ગામની મુલાકાત લીધી હતી. તેમની સાથે રાજ્યના નાણા સહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને આદિજાતિ વિકાસ,ખાદી,કુટીર અને ગ્રામ ઉદ્યોગ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



**તંત્રીની કલમે**

## તેલગી નકલી સ્ટેમ્પ કૌભાંડઃ કોઈ બોધપાઠ શીખ્યું નથી

નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડ પાછળના મુખ્ય ભેજું એવો અબ્દુલ કરીમ તેલગી સહિત ઘણાને તકસીરવાર ઠેરવીને કાયદા અને ન્યાય વ્યવસ્થાએ સજા અને દંડ કર્યા હતા. આ સ્કેમ અનેક દૃષ્ટિકોણથી અતિશય મુશ્કેલ અને ખૂબ અનોખું હતું. આ સમગ્ર ગોટાળાની મોડસ ઓપરેન્ડી અને એના મુખ્ય પાત્ર તેલગી માટે લાંબો સમય લોકોને કુતૂહલ રહ્યું. એટલે તો ન્યાયિક ખટલો પૂરો થવા અને મેઈન ગુનેગારના જેલમાં મોત બાદ પણ લોકોની દિલચસ્પી જરાકેય ઓછી ન થઈ, બલ્કે વધતી રહી. આ કારણસર અબ્દુલ કરીમ તેલગી પર પુસ્તક લખાયું, ફિલ્મો બની, સાથોસાથ ડોક્યુમેન્ટરી શ્રેણી અને વેબ સિરીઝ પણ. નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડ અને અબ્દુલ કરીમ તેલગીના ચિત્રણમાં 2023માં આવેલી 'સ્કેમ 2003: ધ તેલગી સ્ટોરી' સૌથી લોકપ્રિય નિવડી. નવી પેઢીને તેલગી અને તેમના કૌભાંડ વિશે ફરીથી જાણવાની તક મળી. આ સિરીઝે અસરકારક રીતે બતાવ્યું કે કેવી રીતે એક સામાન્ય માણસે સમગ્ર સિસ્ટમની ખામીઓનો લાભ લઈને વિશાળ ગેરકાયદે સામ્રાજ્ય ઊભું કર્યું હતું. આ વેબ સિરીઝ સાથે નામાંકિત ફિલ્મ સર્જક હંસલ મહેતાનું નામ સંકળાયેલું હતું એ પણ મોટું આકર્ષણ હતું. આનું દિગ્દર્શન તુષાર હિરાનંદાનીએ કર્યું હતું અને નિર્માતા નામાંકિત નિર્માણ સંસ્થા નિર્માણ એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આમાં તેલગીનો ટાઈટલ રોલ ગગન દેવ રિયારે ભજવ્યો હતો. આ વેબ સિરીઝ પત્રકાર સંજય સિંહના પુસ્તક 'તેલગી સ્કેમઃ રીપોર્ટર'સ કઈ ડાયરી' પર આધારિત હતી. 2020માં 'સ્ટેમ્પ પેપર' નામની હિન્દી વેબ સિરીઝ બની, જે ઉલ્લુ એપ દ્વારા રજૂ કરવામાં આવી હતી. સ્ટેમ્પ કૌભાંડ પર આધારિત આ સિરીઝમાં જાણીતા અભિનેતા રોહિત રોયે તેલગીની ભૂમિકા ભજવી હતી.2009માં રીલિઝ થયેલી 'મુદ્રાંકઃ ધ સ્ટેમ્પ' હિન્દી ભાષાની થ્રિલર ફિલ્મ હતી, જેનું દિગ્દર્શન શાકિર શેખે કર્યું હતું. સ્ટેમ્પ પેપર કૌભાંડ પર આધારિત આ ફિલ્મમાં કૈલાશ માનવ નામના કલાકારે અબ્દુલ કરીમ તેલગીનો રોલ ભજવ્યો હતો. આ ફિલ્મમાં મિલિંદ ગુણાજી, નિર્મલ પાંડે અને રાખી સાવંત જેવા કલાકારો હતા પણ આ ફિલ્મ પ્રેક્ષકો કે વિવેચકોના મન જીતી શકી નહોતી. આની એક ખાસિયત હતી કે આમાં તેલગી કાંડની પુણેના બુંદ નગર પોલીસ સ્ટેશન દ્વારા કરાયેલી તપાસ પર ફોકસ કરાયું હતું. આ ઉપરાંત 'મની માફિયા' નામક ડોક્યુમેન્ટરી સિરીઝનો પ્રથમ એપિસોડ તેલગીના બનાવટી સ્ટેમ્પ પેપર કૌભાંડ વિશે હતો. આ ડોક્યુમેન્ટરી શ્રેણીમાં ભારતમાં થયેલાં આઠ કૌભાંડોને વિગતવાર આવરી લેવાયાં હતાં. ખરા અર્થમાં તેલગીની કથા માત્ર એક ગુનેગારની વાર્તા નથી. સામાજિક, આર્થિક અને નૈતિક દૃષ્ટિએ તેનું કૌભાંડ ભારતના ઈતિહાસના સૌથી મોટા આર્થિક ગુનાઓમાંનું એક છે. જ્યારે વ્યક્તિગત લાલચને ભ્રષ્ટ તંત્રનો સાથ મળે, ત્યારે આખી વ્યવસ્થા ભયંકર જોખમમાં આવી શકે છે. આવી ઘટનાઓથી સામાન્ય નાગરિકના સરકાર અને કાયદાકીય વ્યવસ્થા પરના વિશ્વાસને ઘસારો પહોંચે છે. સમાજમાં ખોટો સંદેશ જાય છે કે પૈસા અને સત્તાના બળે લાંબા સમય સુધી કાયદાથી બચી શકાય છે.આ ઘટનાએ ફરી બતાવ્યું કે ગુનાખોરી વ્યક્તિગત નહીં, પરંતુ સંગઠિત સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. જરા વિચારો કે તેલગીએ પોતાના અનોખા બુદ્ધિ, આયોજન અને વ્યવસ્થાપન કૌશલ્યનો ઉપયોગ સમાજહિતને માટે કર્યો હોત તો? પણ પ્રતિભા જ્યારે નૈતિકતા વિના હોય ત્યારે તે વહેલા મોડું અવશ્ય વિનાશનું કારણ બને, બને ને બને જ છે.તેલગી કૌભાંડ ભારત માટે એક મોટો પાઠ બની શક્યું હોત કે માત્ર કડક કાયદા પૂરતા નથી; પારદર્શિતા, ટેક્નોલોજી, જવાબદારી અને નૈતિક મૂલ્યોનું પાલન પણ એટલું જ અનિવાર્ય છે. ચોક્કસપણે સ્ટેમ્પ પેપર કૌભાંડના બોધપાઠ કોઈ શીખ્યું નથી. એના પુરાવા શોધવા કે આપવાની જરૂર નથી.

**ડો.ઈલેવાન ઠાકર**

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR

### ORS અને સ્તનપાન જનજાગૃતિના શ્રેષ્ઠ પોસ્ટર મેકર્સને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ

# સુરત ખાતે નવી સિવિલ હોસ્પિટલમાં ઓ.આર.એસ અને સ્તનપાન (બ્રેસ્ટ ફિડિંગ) સપ્તાહની ઉજવણી

## ORS સપ્તાહની ઉજવણી અંતર્ગત નવી સિવિલની કિડની બિલ્ડિંગ ખાતે પોસ્ટર પ્રદર્શન ખુલ્લું મૂકાયું



• જે બી ટાંક પત્રકાર સુરત

ઓરલ ડિહાઈડ્રેશન સોલ્યુશન અને સ્તનપાન (બ્રેસ્ટ ફીડિંગ)ના મહત્વને ઉજાગર કરવા, લોકોને તેના વિશે જાગૃત કરવા દર વર્ષે જુલાઈ મહિનાના છેલ્લા સપ્તાહને ORS અને ઓગસ્ટ મહિના પ્રથમ સપ્તાહને સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે બાળ મૃત્યુદર ઘટાડવા માટે નવી સિવિલના તબીબી અધિક્ષક ડો.પારૂલ વડગામાના માર્ગદર્શનમાં નવી સિવિલના બાળરોગ વિભાગ તથા ઈન્ડીયન પીડિયાટ્રીક એસો., સ્ટુડન્ટ નર્સિસ એસો.ના સંયુકત ઉપક્રમે નવી સિવિલ હોસ્પિટલની કિડની બિલ્ડિંગ ખાતે જીવનરક્ષક જળ (ઓ.આર.એસ) અને વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વેળાએ નર્સિંગ વિદ્યાર્થીઓના પોસ્ટર એક્ઝિબિશનને મહાનુભાવોના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત પિડીયાટ્રિક્સ એસો.ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો.પ્રફુલ બાંભરોલીયાએ જણાવ્યું હતું કે, ORS અને સ્તનપાન એ છ મહિના સુધીના બાળકો માટે અમૃત સમાન છે. છ મહિનાથી નાના બાળકોમાં ઝાડા-ઉલ્ટી થાય તો બાળકના શરીરમાંથી પાણી, જરૂરી ખનીજ દ્રવ્ય, સોડિયમ પોટેશિયમ ઝાડા વાટે શરીરમાંથી બહાર નીકળી જાય છે. જેથી બાળકોને ડિહાઈડ્રેશન થવાનું જોખમ વધી જાય છે, અને બાળમૃત્યુ પણ થવાની શક્યતા વધે છે. આવા સમયે ઓ.આર.એસ. પીવડાવવાથી ડિહાઈડ્રેશનની ગંભીર સમસ્યા નિવારી શકાય છે.

તેમણે વધુમાં કહ્યું કે, એક ચપટી મીઠું, એક મુઠ્ઠી ખાંડ, એક ગ્લાસ પાણી અને લીંબુનો રસ એ અતિ ઉત્તમ પ્રયોગ અને ડિહાઈડ્રેશન સામે ઘરેલું રક્ષાકવચ છે. નવજાત શિશુના સર્વાંગી વિકાસ અને આરોગ્ય માટે માતાનું દૂધ ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે બાળકના જન્મ પછી છ મહિના સુધી બાળકના આહારની તમામ જરૂરિયાતો પૂર્ણ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. બાળકના જન્મ સમયે અપાતી જન્મ ગુટ્ટી અને મધએ બાળક માટે જોખમકારક છે, જેથી જન્મના એક કલાકમાં જ બાળકને માતાનું દુધ આપવું અનિર્વાય છે. ધ ઓલ ઈન્ડિયા ટ્રેઈન્ડ નર્સીસ એસો. (ગુજરાત)ના સેક્રેટરી ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, ઓરલ ડિહાઈડ્રેશન સોલ્યુશન અને સ્તનપાન(બ્રેસ્ટ ફીડિંગ) નું મહત્વ સમજાવવાનું કામ દેશભરના નર્સિંગના વિદ્યાર્થીઓ કરે છે. આરોગ્યલક્ષી શિક્ષણ સમાજ સુધી પહોંચાડવામાં તબીબો સાથે નર્સિંગ વિદ્યાર્થીઓ અને નર્સિંગ સ્ટાફ કડી સમાન છે. આરોગ્ય ક્ષેત્રે નર્સ એ પરિશ્રમ અને ઉમદા સેવાનું પ્રતીક છે. ઉત્કૃષ્ટ તબીબી સારવાર સાથે સમકાલીન ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને કરૂણામય નર્સિંગ થકી સમાજના આરોગ્ય સુખાકારીમાં સકારાત્મક સુધાર કરવાના ઉદ્દેશથી દરેક પરિસ્થિતિમાં પોતાની સેવાપૂર્તિમાં નર્સિંગ સ્ટાફ સમર્પિત હોય છે એમ જણાવી આજના કાર્યક્રમ થકી જનજન સુધી જાગૃત્તિ સંદેશ પહોંચે અને માતા-બાળકના મુત્યુદર ઘટે તેમજ તંદુરસ્ત સમાજનું નિર્માણ થયા એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. નર્સિંગ વિદ્યાર્થીઓએ ઓઆરએસ અને સ્તનપાન સપ્તાહની ઉજવણીના અવસરે જન-જાગૃતિનું નુક્કડ નાટક ભજવ્યું હતું. નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ પોસ્ટરોમાંથી સૌથી શ્રેષ્ટ પોસ્ટર બનાવનારને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરમ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત પીડિયાટ્રિક ચેરીટેબલ ટ્રસ્ટના પુર્વ પ્રમુખ ડો.પ્રશાંત કારિયા, નર્સિંગ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ સ્મિતલબેન ચૌધરી, ડીઆઈસીના ડો.સંદેશ મહિપાલ અને ડો.હર્ષિતા, નર્સિંગ કોલેજના પ્રોફેસરો ડો.સંગીતા ત્રિવેદી, પ્રો.સોનલબેન પંડયા અને અમર મુલ્લા સહિત તબીબો, હેડનર્સ, સ્ટાફનર્સ ઉપસ્થિત રહ્યા હતા બાળકને પ્રથમ છ માસ ફક્ત સ્તનપાન કરાવવું. બોટલથી દૂધ આપવું નહીં. પાણી ઉકાળીને અથવા ફિલ્ટર પાણી વાપરવું.

### સ્તનપાન અંગે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો

સ્તનપાન કરાવતાં પહેલાં દર વખતે માતાએ પોતાના હાથ સાબુથી ધોઈને સ્વચ્છ કરવા આવશ્યક છે. દર વખતે સ્તન અને ડીંટડી પણ બરાબર સ્વચ્છ કરવાં જોઈએ. ઘણી માતાઓ પથારીમાં સૂતાં સૂતાં બાળકને સ્તનપાન કરાવે છે. આ આદત અત્યંત જોખમી છે. જો થાકના કારણે માતાને ઊંઘ આવી જાય તો કોમળ બાળક સ્તનની નીચે દબાઈને ગૂંગળાઈ જશે અને એનો શ્વાસ રુંધાઈ જશે. આવું બનવાથી બાળકનું મૃત્યુ થવાનાં ઉદાહરણો લગભગ બધા ડોક્ટરોએ જોયાં જ છે. રાત્રે સ્તનપાન કરાવવાની જરૂર પડે તો પણ માતાએ બેસીને પછી જ બાળકનું પેટ ભરાવવું જોઈએ. જો માતા સ્તનપાન કરાવતાં પહેલાં દર વખતે થોડુંક પ્રવાહી લે (પાણી, ફળોનો રસ કે દૂધ) તો ધાવણનું પ્રમાણ વધે છે. સ્તનપાન કરાવતી માતાને ખૂબ વધુ પ્રમાણમાં પ્રવાહીની જરૂર પડે છે. દરેક માતાનું પૂરે પૂરુ ધ્યાન સ્તનપાન કરાવતી વખતે એના બાળકમાં જ હોવું જોઈએ.સ્તનપાન કરાવી રહ્યાં હોય ત્યારે પુસ્તક વાંચવું, ટીવી જોવું કે મોબાઈલ ફોન પર વાતો કરવી એ હિતાવહ નથી. આવું કરવાથી બાળકનું મોં અને નાક દબાઈ જવાથી, શ્વાસ રુંધાઈ જવાથી અઘટિત અકસ્માત સર્જાવાની શક્યતા રહે છે. દરેક વખતે સ્તનપાન કરાવ્યા બાદ માતાએ બાળકને એના ખભા પર પાંચ-દસ મિનિટ સુધી ઊભું રાખીને હળવેથી એની પીઠ થપથપાવવી જોઈએ. બાળક એકાદ ઓડકાર ખાય પછી જ એને સુવડાવવું જોઈએ. આવું કરવાથી બાળકને ઊલટી નહીં થાય.

# મુઠ્ઠી ઊંચેરા માનવી વ્યક્તિ વિશેષઉમદા વ્યક્તિત્વ : ઈશ્વરભાઈ રગાભાઈ માળી

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના નાનકડા આકોલી ગામમાંથી નીકળીને પોતાના સખત પરિશ્રમ, અડગ આત્મવિશ્વાસ, દીર્ઘદ્રષ્ટિ અને હકારાત્મક વિચારસરણીના બળે સફળ ઉદ્યોગપતિ તરીકે આગવી ઓળખ ઉભી કરનાર ઈશ્વરભાઈ રગાભાઈ માળી આજે અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. હાલમાં તેમની ધર્મપત્ની મતી ગોમતીબેન ઈશ્વરભાઈ માળી આકોલી ગામના સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે, જ્યારે ઈશ્વરભાઈ ઉપસરપંચ તરીકે ગામના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. તેમના જીવનનો એક જ ધ્યેય છે કે ગામના કોઈપણ દીકરા-દીકરીને શિક્ષણમાં કોઈ અગવડતા ન પડે અને આધુનિક, કોમ્પ્યુટરાઈઝ્ડ યુગની તમામ સુવિધાઓ ગામ સુધી પહોંચે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગામના દરેક નાગરિક સુધી પહોંચે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. શિક્ષણ, આરોગ્ય અને સામાજિક વિકાસ ક્ષેત્રે તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. ગ્રામજનોના સહયોગથી ગામમાં ગૌશાળા, કોમ્યુનિટી હોલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિત અનેક વિકાસકાર્યો સાકાર કરવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે. જીવદયા પ્રત્યેનો તેમનો પ્રેમ પણ સૌ માટે પ્રેરણારૂપ છે. આકોલી ગામમાં પ્રાથમિક શાળા બાદ વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે અન્ય ગામોમાં જવું પડતું હતું. આ મુશ્કેલી દૂર કરવા માટે તેમણે ગ્રામજનો સાથે મળીને ગામમાં જ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું, જેથી ગામના તમામ સમાજના દીકરા-દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાના સપનાઓ સાકાર કરી શકે. શાળાઓમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈનામ વિતરણ સમારોહ તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા વિવિધ કાર્યક્રમોમાં તેઓ નિયમિત હાજરી આપી



બાળકોનો ઉત્સાહ વધારે છે. ધંધા-ઉદ્યોગના કારણે દેશ-વિદેશમાં જવાનું થાય છતાં તેમનું હૃદય હંમેશા પોતાના વતન અને ગામના વિકાસ માટે ધબકતું રહે છે. આ જ તેમની સાચી ઓળખ છે. ઈશ્વરભાઈ રગાભાઈ માળીનું જીવન દરેક યુવાનો માટે પ્રેરણાદાયી છે. તેઓ સાબિત કરે છે કે પરિસ્થિતિ કેટલીય કઠિન હોય, જો મહેનત, આત્મવિશ્વાસ અને સંકલ્પ મજબૂત હોય તો કોઈપણ સફળતા પ્રાપ્ત કરી શકાય છે. જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે હિંમત હારવાને બદલે તેનો સામનો કરીને સતત પ્રયત્ન કરવાથી જીવનની દિશા અને દશા બંને બદલી શકાય છે. આવા સમાજસેવી, શિક્ષણપ્રેમી અને વિકાસલક્ષી વ્યક્તિત્વને હૃદયપૂર્વક અભિનંદન અને તેમની સેવાયાત્રા સતત આગળ વધતી રહે તેવી શુભેચ્છાઓ

### વિદ્યાર્થીઓને કેમ્પસની વિવિધ શૈક્ષણિક અને સહાયક સુવિધાઓથી પણ પરિચિત કરવામાં આવ્યા

# ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ડિપ્લોમા એન્જિનિયરિંગ ખાતે દ્વિ-દિવસીય 'જ્યોતિર્ગમય - ઓરિએન્ટેશન પ્રોગ્રામ 2026'નું સફળ આયોજન

• અમદાવાદ

ગણપત યુનિવર્સિટી સ્થિત બી. એસ. પટેલ પોલિટેકનિક અને કે. બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓ માટે તા. ૨૭ અને ૨૮ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન દ્વિ-દિવસીય 'જ્યોતિર્ગમય - ઓરિએન્ટેશન પ્રોગ્રામ 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને યુનિવર્સિટીની શૈક્ષણિક પરંપરા, વિવિધ સુવિધાઓ, ઉદ્યોગલક્ષી શિક્ષણ, સંશોધન, નવીનતા, વિદ્યાર્થી વિકાસ પ્રવૃત્તિઓ તથા કારકિર્દીની તકો અંગે માહિતગાર કરવાનો હતો.કાર્યક્રમ દરમિયાન ગણપત યુનિવર્સિટીના માનનીય પ્રમુખ પદ્મશ્રી ડૉ. ગણપતભાઈ આઈ. પટેલ (દાદા), ગ્રુપ પ્રો-ચાન્સેલર અને જોઈન્ટ પ્રેસિડેન્ટ ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રિન્સિપલ ડોનર શ્રી બી. એસ. પટેલ, તેમજ યુનિવર્સિટીના અન્ય આગેવાનોએ વિદ્યાર્થીઓને આશીર્વચન અને પ્રેરણાદાયી



માર્ગદર્શન આપ્યું.પ્રથમ દિવસે મુખ્ય અતિથિ તરીકે કર્નલ રાજેશ ઓહોલ (Bosch Home Comfort India Ltd.) અને વિશિષ્ટ પૂર્વ વિદ્યાર્થી તરીકે શ્રી સ્નેહલ ભાવસાર (Inductotherm Group India)એ વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતની અપેક્ષાઓ, વ્યક્તિત્વ વિકાસ અને જીવનમૂલ્યો અંગે પ્રેરણાદાયી સંબોધન કર્યું. જ્યારે બીજા દિવસે મુખ્ય અતિથિ તરીકે શ્રી પિલ્લારી ગુણાકર રાવ (Senior Vice President, Tirth Agro Technology Pvt. Ltd.) તથા વિશિષ્ટ પૂર્વ વિદ્યાર્થી શ્રી અનિલ પટેલ, ડિરેક્ટર, Starline Cars Pvt. Ltd.એ સફળ કારકિર્દી માટે સંવાદ કૌશલ્ય, વિનમ્રતા, સકારાત્મક અભિગમ અને સારા માનવી બનવાના મહત્વ પર ભાર મૂક્યો.બે દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ વિષય નિષ્ણાતો દ્વારા પ્રેરણાત્મક અને માહિતીપ્રદ સત્રો યોજાયા, જેમાં ઉચ્ચ શિક્ષણ, પ્લેસમેન્ટ, ઈનોવેશન, સ્ટાર્ટઅપ, વેલનેસ, સંશોધન, સંસ્થાકીય પ્રવૃત્તિઓ તથા વિદ્યાર્થી જીવનના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કેમ્પસની વિવિધ શૈક્ષણિક અને સહાયક સુવિધાઓથી પણ પરિચિત કરવામાં આવ્યા.

### સંતો, સમાજ શ્રેષ્ઠિઓ, પત્રકારશ્રીઓ, સેવક સમુદાયની ઉપસ્થિતિ

# સુડાવડ ખોડીયાર ધામમાં ભક્તિના માહોલ સાથે ગુરુપૂર્ણિમા મહોત્સવની શાનદાર ઉજવણી

• સી. વી. જોશી વિસાવદર

વિસાવદર પાસેના સુડાવડ ગામે ખોડીયાર મંદિરના પટાંગણમાં બ્રહ્મલીન પૂજ્ય બાબુદાસબાપુની સમાધિ સ્થાનમાં ભક્તિ ભાવ સાથે પૂજા, અર્ચના કરી ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી.મંદિરના હાલ ગાદીપતિ મહંત પૂ.જીગ્નેશબાપુ , સંતો તથા સેવકગણોની ઉપસ્થિતિ વચ્ચે પૂ.બાબુદાસબાપુની સમાધી સ્થળે વિદ્વાન શાસ્ત્રી જયેશદાદાના મુખાર ધ્વનિ સાથે શ્લોક મંત્રોચ્ચાર બોલી શાસ્ત્રોક્ત વિધિ મુજબ અબીલ, ગુલાલ, ચોખા, પુષ્પો અર્પણ કરી પૂજા, અર્ચના સાથે મહા આરતી ઉતારી સૌએ કૃતજ્ઞતા વ્યક્ત કરેલ.ત્યારબાદ બહોળી સંખ્યામાં ઉપસ્થિત સંતો, આમંત્રિતો, ગ્રામજનોએ સમાધિ સ્થળ ઉપર પુષ્પો અર્પણ કરી ગુરુ પૂજન કરેલ. બાદ સભામંડપમાં ગુરુ ભાવ વ્યક્ત કરવા એકત્રિત થયેલ. પ્રથમ મંદિરના કોઠારી કમ સંચાલક કરસનભાઈ ભગત એ પ્રસંગમાં ઉપસ્થિત તમામનું શાબ્દિક સ્વાગત કરેલ. સાથો સાથ વર્ષ દરમિયાન મંદિરમાં થતી સેવાકીય પ્રવૃત્તિઓ તથા



મંદિરમાં ઉજવાતા પ્રસંગોથી સૌને વાકેફ કરેલ.

બાદ મંદિરના મહંત પૂ.જીગ્નેશબાપુ એ તમામ સંતોને પુષ્પમાળા તથા શાલ ઓઢાડી સન્માનિત કરેલ.ત્યારબાદ સંતોએ રામાયણ, મહાભારત અને ગીતાજીના દ્રષ્ટાંતોથી શ્રોતાઓને આશીર્વચનો પાઠવેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિતો રમણીકભાઈ દુધાત્રા, ઘનશ્યામભાઈ સાવલિયા, ભરતભાઈ કોટડીયા, ઉકાભાઈ પટોડીયા, કાંતિભાઈ પ્રજાપતિ તેમજ વરિષ્ઠ પત્રકાર સી.વી.જોશી એ પોતાના પ્રસંગ ઉચિત ઉદબોધનમાં ગુરુ મહિમા વર્ણવતા જણાવેલ કે ગુરુ જન્મ આપતા નથી, પણ જીવન જીવતા શીખવે છે. ગુરુ માનવીને સાચા માર્ગે ચાલતા શીખવે છે. ગુરુ વિના જ્ઞાન નહીં, જ્ઞાન વિના પ્રકાશ નહીં, પ્રકાશ વિના જીવનનો સાચો વિકાસ નથી. સાચા સંત ક્યારેય જતા નથી તેઓ પોતાના સંસ્કારો, કાર્યો અને પોતાના આશીર્વાદમાં સદાય જીવંત રહે છે. ગુરુ વ્યક્તિત્વ બનાવે છે. ગુરુ પોતાને માટે જીવતા નથી, તેઓ સમાજ માટે જીવતા હોય છે. જન્મ દેનારી મા પૂર્ણ ગુરુ છે એ ભણેલી હોય કે અભણ છતાં આ સંસારનું મહત્વપૂર્ણ જ્ઞાન માતા આપે છે. આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે માત્ર ગુરુ પૂજન નહીં કરીએ, પરંતુ ગુરુના ઉપદેશને પણ જીવનમાં ઉતારશું. જેવા પ્રાસંગિક વક્તવ્યો આપેલ. આજના પવિત્ર દિવસે ઉપસ્થિત સંતો જિ.પં. પ્રમુખના પ્રતિનિધિ વિપુલભાઈ કાવાણી, પરસોત્તમભાઈ કુંડલીયા કુકાવાવ, પત્રકાર કૌશિકપુરી ગૌસ્વામી, પુનાભાઈ પાનસુરીયા, કે.એસ.ઠુંમર, દાતાશ્રીઓ, આમંત્રિતો તથા બહોળી સંખ્યામાં માતાઓ, વડીલો, ભાઈઓ, બહેનો યુવાનો અને બાલદેવો ઉપસ્થિત રહેલ.

સમગ્ર કાર્યક્રમનું અસરકારક અને આરોહ અવરોહ સાથેનું બેસ્ટ એન્કરિંગ કરનાર સુડાવડ ગામના યુવા સરપંચ કમ પ્રાકૃતિક આધારિત ખેતી કરનાર કિસાનોના પ્રેરણા સ્તોત્ર એવા પ્રવીણભાઈ આસોદરીયા એ કરેલ. રાત્રી સેશનમાં સત્યનારાયણ ભગવાનની કથાનું રસપાન કરવા કોઠારી શ્રી કરસનભાઈ ભગત એ સૌને પધારવા વિનંતી કરેલ.

### સુરતમાંથી પસંદગી પામેલા એવા ચેતનભાઈ હિરપરા કેળવણીની કેડીના પ્રેરણાસ્ત્રોત છે

# સુરતની મહારાજા કૃષ્ણકુમારસિંહજી શાળાના પ્રધાનાચાર્ય ચેતન હિરપરા ''સાંદીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માનિત

## મુષ્ટિધાન યોજના જેવા પ્રકલ્પોથી બાળકોમાં નૈતિકતા અને રાષ્ટ્ર માટેના સરકારોનું સિંચન થાય છે



• સુરત

ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત ભાવપૂજન નિમિતે પોરબંદર ખાતે આવેલ સાંદિપની વિદ્યાનીકેતન દ્વારા આયોજિત 'ગુરૂ ગૌરવ એવોર્ડ વિતરણ સમારોહ-૨૦૨૬'માં ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી)ના અધ્યક્ષ સ્થાને અને ગુજરાતના કેળવણીકારોનીપ્રેરકઉપસ્થિતિમાંસુરતમાંથીચેતનભાઈ ધીરૂભાઈ હિરપરાને ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરી તેમની પ્રેરણાદાયી સેવાઓને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રી દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓની શાળાઓમાં શ્રેષ્ઠ કામગીરી કરી શિક્ષણ ક્ષેત્રે ગૌરવપદ યોગદાન આપી રાજ્યની વિકાસયાત્રાને ગૌરવાન્વિત કરનારાં શિક્ષકશ્રીઓ અને આચાર્યશ્રીઓને સ્મૃતિચિહ્ન, સન્માનપત્ર અને પુરસ્કારથી સન્માનિત કર્યાં હતાં.

ચેતનભાઈ હિરપરા હાલમાં સુરત શહેરના ઉત્રાણ વિસ્તારની મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળા, શાળા ક્રમાંક-334 મા આચાર્ય તરીકે ફરજ બજાવે છે. 'મહારાજા કેમ્પસ' તરીકે ઓળખાતા સંકુલમાં આ શાળા સાથે શ્રી પ્રમુખસ્વામી મહારાજ પ્રાથમિક શાળા ક્રમાંક - 346 અને લતા મંગેશકર પ્રાથમિક શાળા ક્રમાંક-355 આવેલ છે. આ કેમ્પસમાં અંદાજિત 4000 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. અહીં સમાજશ્રેષ્ઠીઓ, સરકારી અધિકારીઓ, આચાર્યો, શિક્ષકો, અન્જિનિયરો, ડોક્ટરો, વકીલોનાં સંતાનોની સાથે જ આર્થિક રીતે મધ્યમ તેમજ ખૂબ ઓછી આવક ધરાવતાં વાલીશ્રીઓનાં સંતાનો સાથે અભ્યાસ કરી રહ્યાં છે. સામાજિક સમરસતાનું આનાથી મોટું ઉદાહરણ બીજું કયું કોઈ શકે? આ કેમ્પસનાં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસની પરીક્ષાઓની સાથે સાથે સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા લેવાતી જુદી જુદી જ્ઞાનવર્ધક અને કૌશલ્યવર્ધક પરીક્ષાઓ જેવી કે CET, PSE, NMMS, CGMS, જનરલ નોલેજ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, ચેસસ્પર્ધા, ગરબાસ્પર્ધા, ગાયનસ્પર્ધા, સંગીતવાદન સ્પર્ધા વગેરેમાં ઝળહળતી સિદ્ધિઓ મેળવે છે. અહીં કાર્યરત વિવિધ પ્રકલ્પો ખૂબ પ્રેરણાદાયી છે. આ શાળાની ખાસ વિશેષતા અહીંનાં વાલીશ્રીઓ છે કે જેઓ બાળકોના ઘડતર માટે સતત પ્રયત્નશીલ છે અને તમામ કાર્યક્રમોમાં ખભેથી ખભા મિલાવી ઊભાં હોય છે. વિદ્યારંભ સંસ્કાર અંતર્ગત બાલવાટિકા અને ધોરણ 1માં પ્રવેશતાં વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓની ધાર્મિક ગ્રંથ સાથેની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થી કુપોષિત ન રહે તે માટે નાસ્તામાં જંકફૂડ ન લાવે તે માટે વાલીશ્રીઓમાં જાગૃતિ આવેલ છે. શાળામાં તમામ બાળકો શ્લોક ગાન કરી અચૂકપણે મધ્યાહ્ન ભોજનનો લાભ લે છે. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભોજનનો લાભ લેતાં હોવાથી માતૃવાત્સલ્ય યોજના અન્વયે વાલી-માતાઓ સ્વેચ્છાએ શાળામાં ભોજન પીરસવાની સેવા આપે છે અને સમયદાન કરે છે. કેમ્પસમાં સુદામા સાઈકલ યોજના, સ્વેટર સંજીવની યોજના, મુષ્ટિધાન યોજના જેવા પ્રકલ્પોથી બાળકોમાં નૈતિકતા અને રાષ્ટ્ર માટેના સરકારોનું સિંચન થાય છે. વડીલોને સન્માન મળે તે હેતુથી વડીલોનો વડલો જેવા પ્રકલ્પો કાર્યરત છે. આજના સમયમાં બાળકો મોબાઈલ ફોનમાં વ્યસ્ત રહે છે ત્યારે બાલગોકુલમ્ યોજના દ્વારા તેઓને આ વ્યસનથી દૂર રાખવા માટે શાળાનાં વાલી-માતાઓને રમતોનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ પ્રશિક્ષિત માતાઓ સોસાયટીઓનાં બાળકોને અનુકૂળ સમયે વિવિધ રમતો રમાડે છે.

### જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ કર્યો અનુરોધ

# સંભવિત ભારે વરસાદની સ્થિતિમાં નાગરિકોએ સાવચેત રહેવા અનુરોધ

## સતર્ક રહી તંત્રની અધિકૃત સૂચનાઓનું પાલન કરો

• જે બી ટાંક સુરત

આગામી બે દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લાના તમામ નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે જિલ્લા પોલીસ વડા શ્રી રાજેશ ગઢિયાએ સંભવિત ભારે વરસાદની સ્થિતિમાં નાગરિકોએ સાવચેત-સતર્ક રહી જિલ્લા વહીવટી તંત્રની અધિકૃત સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી હતી.



શ્રી ગઢિયાએ કહ્યું કે, જ્યારે ભારે વરસાદ શરૂ હોય ત્યારે અત્યંત જરૂરી કામ સિવાય લોકોએ પોતાના ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ. નદીઓ અને તેની આસપાસના તેમજ નીચાણવાળા વિસ્તારો, જ્યાં વારંવાર પાણી ભરાવવાની સમસ્યા સર્જાતી હોય, ત્યાં નાગરિકોએ ફરવા જવાનું બિલકુલ ટાળવું. સરકાર અને વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા કે જોખમી વિસ્તારોમાં રહેતા નાગરિકો માટે આશ્રયસ્થાનો નક્કી કરવામાં આવ્યા છે, જ્યાં સમયસર સ્થળાંતર કરવા અનુરોધ છે.

જે નાગરિકો પોતાના પશુઓને નીચાણવાળા વિસ્તારોમાં બાંધતા હોય તેમણે સ્થાનિક મામલતદાર અને સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઈ. નો સંપર્ક કરી પશુઓને સલામત સ્થળે ખસેડવા પર ભાર મૂકયો હતો. નાગરિકોની સહાયતા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા SDRF, NDRF તેમજ કર્મચારીઓ અને અન્ય તમામ જરૂરી સંસાધનો સ્ટેન્ડબાય છે.

જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ નાગરિકોની સુરક્ષા માટે કટિબદ્ધ છે, અને લોકસહકારથી જ સંભવિત સ્થિતિનો સફળતાપૂર્વક સામનો કરી શકીશું તેમ ઉમેર્યું હતું.

### સુરત ખાતે વિડીયો કોન્ફરેન્સનાં માધ્યમથી આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં

# ભાવનગર મેડિકલ કોલેજ અને સર.ટી હોસ્પિટલની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

## સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે નિર્માણ પામનારા નવા બિલ્ડિંગનું કામ ઝડપથી અને ગુણવત્તાસભર પૂરું કરવા દિશાનિર્દેશ



• (પ્રતિનિધિ દ્વારા )જે બી ટાંક સુરત

સુરત ખાતે વિડીયો કોન્ફરેન્સનાં માધ્યમથી આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સરકારી મેડિકલ કોલેજ અને સર ટી. હોસ્પિટલ, ભાવનગરની કામગીરી તથા નિર્માણાધીન પ્રોજેક્ટ્સ અંગે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મેડિકલ કોલેજના ડીન, હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ, પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર યુનિટ (PIU) અને ઈલેક્ટ્રિકલ વિભાગના અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આરોગ્ય મંત્રીશ્રીએ નવા નિર્માણ પ્રોજેક્ટ્સ અને માળખાકીય સુવિધાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. આ પ્રસંગે પીઆઈયુ (PIU) વિભાગ દ્વારા ભાવનગરના નારી ચોકડી ખાતે આકાર લઈ રહેલા નવા એકેડેમિક બ્લોક, ટીચિંગ હોસ્પિટલ, ગર્લ્સ-બોયઝ હોસ્ટેલ તેમજ પીજી હોસ્ટેલ અંગેનું વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ મંત્રીશ્રીએ બાંધકામ અને સુવિધાઓ સંદર્ભે મહત્વપૂર્ણ સૂચનાઓ આપતાં જણાવ્યું હતું કે, ચોમાસા કે ભારે વરસાદ દરમિયાન હોસ્પિટલમાં પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય તે માટે બિલ્ડિંગનું પ્લાનિંગ હાલના રોડ લેવલથી પૂરતી ઊંચાઈ પર (માટી પુરાણ કરીને) કરવાનો નિર્દેશ આપ્યો હતો. હોસ્પિટલ બાંધકામમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત એસ.એસ. (સ્ટેનલેસ સ્ટીલ) ગ્રીલ તેમજ અન્ય કન્સ્ટ્રક્શન મટીરિયલ વાપરવા માટે કડક તાકીદ કરી હતી. આ ઉપરાંત સર ટી. હોસ્પિટલના જૂના અને જર્જરિત બિલ્ડિંગોની સ્થિતિ ધ્યાને લઈ, નવા બિલ્ડિંગોનું કન્સ્ટ્રક્શન, ફર્નિચર અને અન્ય તમામ સુવિધાઓ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા મંત્રીશ્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી. આરોગ્ય મંત્રીશ્રીએ હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જાળવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે હોસ્પિટલના તમામ વોર્ડ, પીએમ રૂમ (પોસ્ટમોર્ટમ રૂમ) અને સમગ્ર પરિસરમાંથી જૂનો ભંગાર, બિનઉપયોગી વાહનો તેમજ કચરાનો સત્વરે નિકાલ કરીને હોસ્પિટલને સંપૂર્ણપણે સ્વચ્છ અને દુર્ગંધમુક્ત (વાસમુક્ત) રાખવા આદેશ આપ્યો હતો. આ ઉપરાંત, હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવાના ભાગરૂપે સિક્યોરિટી એજન્સીઓની કામગીરીની નિયમિત ચકાસણી કરવા અને પરિસરમાં માત્ર સક્ષમ સિક્યોરિટી સ્ટાફ જ તૈનાત રહે તે સુનિશ્ચિત કરવાની ખાસ જવાબદારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને સોંપવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, હોસ્પિટલના સિક્યોરિટી સ્ટાફ, પટ્ટાવાળા અને નર્સિંગ સ્ટાફથી લઈને સિનિયર ડોક્ટર્સ સુધીના તમામ કર્મચારીઓ દર્દીઓ તેમજ તેમના સગાંઓ સાથે નમ્ર અને સંવેદનશીલતાસભર વર્તન (ટંગ મેનેજમેન્ટ) કરે તે માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત, મેડિકલ કોલેજ અને હોસ્ટેલ કેમ્પસમાં રેગિંગ જેવી પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવવા અને કેમ્પસમાં શિસ્ત જાળવી રાખવા માટે કોલેજના ડીનને કડક આદેશ મંત્રીશ્રી દ્વારા અપાયા હતા. ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં કાર્યરત ઓર્થોપેડિક સહિતના વિવિધ વિભાગોમાં દર્દીઓને ઓપરેશન કે ઈમ્પ્લાન્ટ્સ માટે લાંબો સમય રાહ ન જોવી પડે અને સમયસર સારવાર મળી રહે તે માટે જરૂરી સાધન-સામગ્રી તેમજ ઈમ્પ્લાન્ટ્સની ઉપલબ્ધતા સુચારુ બનાવવાની સૂચના તબીબી અધિક્ષકને આપવામાં આવી હતી. સમીક્ષા બેઠકના અંતે મંત્રીશ્રીએ ભાવનગરની જનતાને ઉત્કૃષ્ટ, ગુણવત્તાસભર અને ઝડપી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે તમામ વિભાગોને પરસ્પર યોગ્ય સંકલન સાધીને કામ કરવા આહ્વાન કર્યું હતું.

**ભાવનગર સર.ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં મોટો ફેરફાર**

**સમીક્ષા બેઠકના અંતે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર હંમેશાં નાગરિકોના હિતમાં કાર્ય કરે છે. વિદ્યાર્થીઓનું રેગિંગ તેમજ નાગરિકોના સ્વાસ્થ્ય સાથેના કોઈપણ પ્રકારના ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં."આ બેઠક દરમિયાન મંત્રીશ્રીએ કડક વલણ અપનાવી સર.ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં નીચે મુજબની કાર્યવાહીના આદેશ આપ્યા હતાસર. ટી. હોસ્પિટલના તબીબી અધિક્ષક તરીકેનો વધારાનો હવાલો ધરાવતા ડો. અશોક વાળાને ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ ડો. કેરવી દેસાઈને તબીબી અધિક્ષકનો વધારાનો હવાલો સોંપાયો છે. ઓર્થોપેડિક વિભાગના વડા (HOD) ડો. વિનોદ ગૌતમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.મેડિકલ કોલેજના એડિશનલ ડીન તરીકે ફરજ બજાવતા ડો. અમિત પરમારને એડિશનલ ડીનના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.ઓર્થોપેડિક વિભાગમાં ૧૧ માસના કરાર (કોન્ટ્રાક્ટ) પર ફરજ બજાવતા પ્રોફેસર ડો. પિનાકીન વોરાની સેવા તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી છે. PMSSY બિલ્ડીંગમાં નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો. સમીર શાહને ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.**

### અમદાવાદ જિલ્લા કલેક્ટર અને DEO વચ્ચેની સમીક્ષા

# AMCમાં કર્મચારી સહિત રાજ્યના તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ રદ

## આંગણવાડીઓમાં સોમવાર સુધી રજા રહેશે

• (પ્રતિનિધિ દ્વારા ) ગાંધીનગર

અમદાવાદમાં હવામાન વિભાગે આગામી 3 દિવસ માટે 'રેડ એલર્ટ' સાથે ભારે વરસાદની આગાહી કરી છે. AMCએ 31 જુલાઈ અને 1 ઓગસ્ટના રોજ તમામ અધિકારીઓ-કર્મચારીઓની રજા રદ કરી છે. શુક્રવારે શાળાઓ-કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને 'વર્ક ફ્રોમ હોમ' અપનાવવા અપીલ કરાઈ છે. તંત્ર 24 કલાક હાઈ એલર્ટ પર છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ માટે અમદાવાદમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવતીકાલે 31 જુલાઈ અને 1 ઓગસ્ટના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર અને મેયર દ્વારા સમગ્ર તંત્રને 24 કલાક હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે અને તમામ ઝોનમાં વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખીAMC કમિશનરે લોકોને આગામી 2 દિવસ સુધી બિનજરૂરી બહાર ન નીકળવા અને શક્ય હોય ત્યાં સુધી 'વર્ક ફ્રોમ હોમ' અપનાવવા અપીલ કરી છે. આ ઉપરાંત, લોકોને ઝાડ કે મોટા હોર્ડિંગ્સ નીચે ઊભા ન રહેવાની ખાસ સૂચના આપવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા શહેરમાંથી જોખમી હોર્ડિંગ્સ ઉતારી લેવાયા છે અને લોકોને હવામાન વિભાગની આગાહી તેમજ ટ્રાફિક પોલીસના અપડેટ્સ સતત જોતા રહેવા જણાવાયું છે.વિદ્યાર્થીઓની સલામતી માટે અમદાવાદ જિલ્લા કલેક્ટરે અને DEO વચ્ચેની સમીક્ષા બાદ મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. અમદાવાદ શહેરની તમામ આંગણવાડીઓ, શાળાઓ અને કોલેજો સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં 31 જુલાઈના રોજ રજા જાહેર કરવામાં આવી છે, જ્યારે આંગણવાડીઓમાં સોમવાર સુધી રજા રહેશે. તમામ શાળાઓને કડક સૂચના આપવામાં આવી છે કે આવતીકાલે શુક્રવારે શૈક્ષણિક કાર્ય સંદર્ભે કોઈ પણ વિદ્યાર્થીને સ્કૂલે બોલાવવામાં ન આવે.વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે તંત્ર સક્રિય રીતે કામ કરી રહ્યું છે. આગોતરા આયોજનના ભાગરૂપે ગોતા-ગોધાવી કેનાલના બોપલ-ઘુમા વિસ્તારમાં ડી-સિલ્ટિંગ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, તળાવોમાં જળસ્તર નિયંત્રિત રાખવા હાઈ-કેપેસિટી પંપ દ્વારા સતત પમ્પિંગ ચાલી રહ્યું છે. જળભરાવની સંભાવના ધરાવતા તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ડીવોટરિંગ પંપ, મશીનરી અને ફિલ્ડ ટીમો તૈનાત કરવામાં આવી છે, જેથી પાણી ભરાય તો તેનો તાત્કાલિક નિકાલ કરી શકાય. આ સાથે જ અનેક વિસ્તારોમાં જોખમી ઝાડની ડાળીઓનું ટ્રિમિંગ પણ કરવામાં આવ્યું છે.

### ભારે વરસાદના રેડ એલર્ટને પગલે રેસ્ક્યુ ટીમ એલર્ટ

# દરેક ફાયર સ્ટેશન પર જરૂરી બચાવ સામગ્રી સાથે તૈયાર ફાયરફાઈટર્સ





• જે બી ટાંક સુરત

તા.૩૧ જુલાઈ અને તા.૧ ઓગસ્ટ દરમિયાન સુરત શહેરમાં ભારે વરસાદ અને તીવ્ર પવનની આગાહીને પગલે મહાનગર પાલિકા દ્વારા સંભવિત પરિસ્થિતિઓનો સામનો કરવા તમામ તૈયારીઓ કરવામાં આવી છે. વૃક્ષ ધરાશાયી થવાની કે કોઈ પણ રેસ્ક્યુ કોલ માટે શહેરના દરેક ફાયર સ્ટેશન પર જરૂરી બચાવ સામગ્રી સાથે એક ટીમ તૈયાર કરાય છે.

તેમજ SMC દ્વારા ઉધના ઝોન-બીના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોને નજીકના નિર્ધારિત રાહત કેન્દ્ર સુધી સુરક્ષિત પહોંચાડવા માટે ડોર-ટુ-ડોર વાહનો દ્વારા સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે.

### 'પરમાત્મા કોઈને દુઃખ નથી આપતા, તે દુઃખ સામે લડવાની શક્તિ આપે

# 'વિચારોનું વાવેતર' કાર્યક્રમમાં ડૉ. બાલુભાઈ શેલડીયા રચિત 'ધર્મચામૃતમ્' પુસ્તકનું પણ વિશેષ પ્રદર્શન કરવામાં આવ્યું

## મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓ અને વિચારપ્રેમીઓ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે

• જે બી ટાંક સુરત

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ (SPSS), સુરત દ્વારા આયોજિત 170મા 'વિચારોનું વાવેતર, Thursday's Thought' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જુનાગઢના કર્મઠ નિવૃત્ત આચાર્ય, ગાંધીજી અને ભગવદ્ ગીતા વિષયક ચિંતનાત્મક લેખક 'ડૉ. બાલુભાઈ શેલડીયા' ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. બાલુભાઈ શેલડીયાએ પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં જણાવ્યું હતું કે, 'ભગવદ્ ગીતા એ જગતનું શ્રેષ્ઠ મનોવિજ્ઞાન છે.' તેમણે ભગવદ્ ગીતાના જીવનમૂલ્યો અને આધ્યાત્મિક વિચારો દ્વારા જીવનમાં શાંતિ, સ્થિરતા અને પ્રસન્નતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં 'શ્રી કાનજીભાઈ ભાલાળાએ'




પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'પરમાત્મા કોઈને દુઃખ નથી આપતા, તે દુઃખ સામે લડવાની શક્તિ આપે છે.' તેમણે જીવનમાં આવતી મુશ્કેલીઓને હિંમત અને સકારાત્મક વિચારસરણીથી સ્વીકારવાની પ્રેરણા આપી હતી. આ અવસરે જાણીતા પત્રકાર અને 'ધબકાર'ના તંત્રી 'શ્રી નરેશભાઈ વરીયા'નું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જામનગર જિલ્લાના કાલાવડ ગામના 'કુ. કૃતિ વિનોદભાઈ કોટડીયા' CISFમાં જોડાતા તેમને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ગત સપ્તાહનો 'ગુરુવારનો વિચાર' 'શ્રી રાજુભાઈ ગૌદાણી' દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા SPSS યુવાટીમ દ્વારા સંભાળવામાં આવી હતી, જ્યારે કાર્યક્રમનું સફળ સંકલન 'શ્રી હાર્દિકભાઈ ચાંચડ' તથા 'રીયલ નેટવર્કના શ્રી અંકિતભાઈ સુરાણી' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. બાલુભાઈ શેલડીયા રચિત 'ધર્મચામૃતમ્' પુસ્તકનું વિમોચન 'શ્રી નરેશભાઈ વરીયા'ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક 'બુક બામ પબ્લિકેશન' દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. પુસ્તક મેળવવા ઈચ્છુક વાચકો 92651 41412 નંબર પર સંપર્ક કરી શકે છે. કાર્યક્રમના અંતે આયોજકોએ જણાવ્યું હતું કે 'વિચારોનું વાવેતર' માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ સમાજમાં સકારાત્મક વિચારધારા, આધ્યાત્મિકતા અને જીવનમૂલ્યોનું સિંચન કરવાનો સતત પ્રયાસ છે. દર ગુરુવારે યોજાતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓ અને વિચારપ્રેમીઓ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.

### અંબાજીથી ૧ ઓગસ્ટે શ્રી રવિદાસ મહારાજની જન્મભૂમિ સીર ગોવર્ધનપુરની પવિત્ર માટી સાથેના કળશની રાજ્યવ્યાપી કળશ યાત્રાનો પ્રારંભ - અજયભાઈ બ્રહ્મભટ્ટ

# સંત શિરોમણી મહાત્મા શ્રી ગુરુ રવિદાસ મહારાજના 650 માં જન્મજયંતિ વર્ષ નિમિત્તે ભાજપા દ્વારા આયોજિત 'સમરસતા સંકલ્પ અભિયાન

## ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ભાજપા પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ



• (પ્રતિનિધિ દ્વારા ) ગાંધીનગર

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ કાર્યાલય ' કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે પત્રકાર પરિષદ સંબોધી હતી. તેમણે પ્રેસવાર્તામાં જણાવ્યું હતું કે, સંત શિરોમણી મહાત્મા શ્રી ગુરુ રવિદાસ મહારાજના 650 માં જન્મજયંતિ વર્ષ નિમિત્તે કેન્દ્રિય ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસ 29 જુલાઈથી રવિદાસ મહારાજની જન્મજયંતિ 20 ફેબ્રુઆરી સુધી રાષ્ટ્રવ્યાપી 'સમરસતા સંકલ્પ અભિયાન' યોજાશે. જે અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં આગામી ૬ મહિનામાં તબક્કાવાર રીતે વિવિધ કાર્યક્રમો યોજાશે. તેમણે જણાવ્યું કે, ગઈકાલે તા. 29 જુલાઈએ ગુરુપૂર્ણિમાના પાવન અવસરે અભિયાનના પ્રથમ તબક્કામાં દેશભરના ગુરુ રવિદાસ મંદિરોમાં દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વારાણસી ખાતે ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી તથા ભાજપાના રાષ્ટ્રીય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ અભિયાનનો રાષ્ટ્રીય સ્તરે પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાથે જ સમરસતાના સંકલ્પ સાથે ગુરુ શ્રીરવિદાસજીના તૈલચિત્રો દેશભરના દરેક મંડળ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. મંદિરોમાં તેમના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના જીવનમૂલ્યો, આદર્શો, સામાજિક સમરસતા માટે તેમની પ્રતિબદ્ધતા, સંઘર્ષમય જીવન તથા સનાતન ધર્મ પ્રત્યેની તેમની અડગ પ્રતિબદ્ધતાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા માટે વિવિધ સ્થાનોએ વક્તાઓ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, ગુજરાત ભાજપાની એક ટીમ ઉત્તર પ્રદેશથી રવિદાસ મહારાજની જન્મભૂમિ સીર ગોવર્ધનપુરની પવિત્ર માટી સાથેનો કળશ લઈને ગુજરાત માટે રવાના થઈ છે.પવિત્રયાત્રાધામ અંબાજીથી ૧ ઓગસ્ટે રાજ્યવ્યાપી કળશ યાત્રા નો પ્રારંભ થશે જે છ જિલ્લાઓમાંથી પસાર થઈ ૩ ઓગસ્ટના રોજ અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર પહોંચશે જ્યાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા કળશનું પૂજન કરશે. તેમણે વધુમાં જણાવ્યું કે, ત્યારબાદ બીજા તબ્બકામાં રાજ્યના દરેક જિલ્લા-મહાનગર તથા ગુજરાતના 16 હજાર ગામમાં ગુરુ રવિદાસજીના સમાનતા, સામાજિક સમરસતા, ભાઈચારા અને માનવતાના સંદેશ સાથે ભવ્ય કળશ યાત્રા યોજાશે તેમજ ગુરુ રવિદાસજીના જીવન અને વિચારો આધારિત પત્રિકાઓનું વિતરણ કરવામાં આવશે. સમાજના દરેક વર્ગ સુધી રવિદાસ મહારાજના ઉચ્ચતમ વિચારો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. કળશ યાત્રા જે-જે માર્ગ પરથી પસાર થશે ત્યાં વિવિધ સમાજના લોકો પુષ્પવર્ષા અને સ્વાગત કાર્યક્રમો, બેનરો દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરશે. અભિયાન દરમિયાન ગુરુ પરંપરા, ગુરુ રવિદાસજીના જીવનકાળ, મુઘલકાળ દરમિયાન સનાતન ધર્મ અને સામાજિક સમરસતા માટે તેમણે કરેલા સંઘર્ષ અંગે વિવિધ કાર્યક્રમો યોજાશે. વિદ્યાર્થીઓ માટે ક્વિઝ, છાત્ર સંવાદ, સંતો સાથેના સંવાદ તથા વિવિધ ગોષ્ઠીઓનું આયોજન કરવામાં આવશે. આ સમગ્ર અભિયાનના સફળ સંચાલન માટે પ્રદેશ અને જિલ્લા સ્તરે સંગઠન દ્વારા વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આગામી છ મહિના દરમિયાન ભાજપનો દરેક કાર્યકર્તા આ અભિયાનને સફળ બનાવવા માટે સમર્પિત ભાવથી કાર્ય કરશે. સમગ્ર રાજ્યમાં ગોષ્ઠીઓ, સંમેલનો, કળશ યાત્રાના સ્વાગત કાર્યક્રમો, કળશ પૂજન અને ગામેગામ વિવિધ આયોજનો કરવામાં આવશે.


### દેશભરમાં 'પ્રાકૃતિક કૃષિ મોલ' ઉભા કરો

# રાજ્યસભામાં સુરતના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાની રજૂઆત

## રેપિડ ટેસ્ટિંગ સુવિધા ઊભી કરવા માંગ કરી

• જે બી ટાંક સુરત

દેશમાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રની ઈકો-સિસ્ટમને વધુ મજબૂત બનાવવા તેમજ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણને વેગ આપવા માટે સુરતના રાજ્યસભા સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ રાજ્યસભામાં રજૂઆત કરી હતી. તેમણે દેશના મુખ્ય શહેરોમાં 'પ્રાકૃતિક કૃષિ મોલ' અથવા મોટા સુપરમાર્કેટ્સમાં પ્રાકૃતિક ઉત્પાદનો માટે વિશેષ વેચાણ કેન્દ્રો શરૂ કરવાની માંગ કરી હતી, જ્યાં ગ્રાહકો માટે 'રેપિડ ટેસ્ટિંગ' અને ડિજિટલ સર્ટિફિકેશનની સુવિધા ઉપલબ્ધ હોય. પ્રાકૃતિક કૃષિ મોલથી ખેડૂતોને પાકના સારા ભાવ મળશે, ગ્રાહકોનો વિશ્વાસ વધશે, રોજગારીની નવી તકો ઊભી થશે અને રાષ્ટ્રીય સ્તરે પ્રાકૃતિક ખેતીને વેગ મળશે.



સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં પોતાના સંબોધન દરમિયાન સાંસદશ્રી ધોળકિયાએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી આજે સ્વસ્થ ભારત, સમૃદ્ધ ખેડૂત અને સુરક્ષિત પર્યાવરણની દિશામાં એક અસરકારક માધ્યમ બનીને ઊભરી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' (NMNF) દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેના અત્યંત સકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તાજેતરમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગ.- ISRO, અમદાવાદ)ના વૈજ્ઞાનિકોએ એક નવીન 'રેપિડ ટેસ્ટિંગ ટેકનોલોજી' વિકસાવી છે. આ ટેક્નિકની મદદથી ફળ, શાકભાજી, અનાજ અને અન્ય કૃષિ ઉત્પાદનોની ગુણવત્તાની તપાસ ગણતરીની સેકન્ડોમાં અને ખૂબ જ ઓછા ખર્ચે શક્ય બને છે. આ ટેકનોલોજી પ્રાકૃતિક ઉત્પાદનોની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. સાંસદશ્રીએ ગૃહનું ધ્યાન દોરતા કહ્યું કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આજે પણ પોતાના ઉત્પાદનોના યોગ્ય ભાવ મેળવવામાં મુશ્કેલી પડે છે, જેનું મુખ્ય કારણ ઝડપી અને વિશ્વસનીય પ્રમાણપત્ર (સર્ટિફિકેશન) વ્યવસ્થાનો અભાવ છે. બીજી તરફ, ગ્રાહકો માટે પણ એ સુનિશ્ચિત કરવું મુશ્કેલ બને છે કે તેઓ જે ઉત્પાદન ખરીદી રહ્યા છે તે વાસ્તવમાં ૧૦૦% પ્રાકૃતિક કે ઓર્ગેનિક છે કે નહીં. .કેન્દ્ર સરકાર દ્વારા નવેમ્બર-૨૦૨૪માં શરૂ કરાયેલી આ એક સ્ટીયરિંગ યોજના છે, જેનો મુખ્ય હેતુ રાસાયણિક મુક્ત ખેતીને પ્રોત્સાહન આપવાનો, જમીનની ફળદ્રુપતા જાળવવાનો અને ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટાડવાનો છે.